માહી

maaHI
માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની

## નાણાંકીય વર્ષ 2024-25 માટે
## CSR પ્રવૃતિના ભાગ રૂપે પ્રોજેક્ટ
# આત્મસમ્માન



## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

પ્રોજેક્ટ આત્મસમ્માન અન્વયે ડેરી ઉદ્યોગના નિષ્ણાંત દ્વારા વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરી મહિલા અને યુવાનો માટે આજીવિકાનું મહત્વનુ સાધન બનાવા વિવિધ કામગીરી અને કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.પ્રોજેક્ટ આત્મસમ્માન અંતર્ગત પશુપાલકો માટે પ્રેરણા પ્રવાસ તેમજ યુવાનો માટે યુવા જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે.

પ્રેરણા પ્રવાસ કાર્યક્રમ(Exposure Visit Program) અંતર્ગત આવરી લેવામાં આવતી માહિતી અને કામગીરી;

- રાજકોટ મુકામે પશુદાણ ફેક્ટરીની મુલાકાત.
- વૈજ્ઞાનિક ઢબે પશુપાલનના વ્યવસાય દ્વારા ગ્રામ્ય ક્ષેત્રે પશુપાલકોની જીવનશૈલીમાં સુધારા અંગે સમજાવટ.
- ઉત્પાદનવૃદ્ધિ થકી પશુપાલનને વધુ નફાકારક કરવા અંગે.
- પશુપાલનમાં મહિલાઓની ભાગીદારીના મહત્વ અંગે
- પશુઓમાં મહત્વની બીમારીઓ માટે પારંપરિક પશુચિકિત્સા પધ્ધતિઓ અંગેની જાણકારી.
- પશુપાલનમાં સમતોલ આહારના  મહત્વ વિષે જાણકારી આપવી.

યુવા જાગૃતિ કાર્યક્રમ(Youth Awareness Program) અંતર્ગત આવરી લેવામાં આવતી માહિતી અને કામગીરી;

- ગ્રામીણ સ્તરે રોજગારીની વિવિધ તકો અને આત્મનિર્ભર બનવા માટે વ્યવસાય તરીકે ડેરીનું મહત્વ
- યુવાનોને પશુપાલન અને ડેરી વ્યવસાયને  નિયમિત આજીવિકાના એક મહત્વપૂર્ણ સ્ત્રોત તરીકે સમજવા માટે પ્રોત્સાહિત કરવા.
- યુવાનો દૂધ ઉત્પાદન વધારવા માટે પશુઓની યોગ્ય સારસંભાળ, સમતોલ આહાર તેમજ પશુ સંવર્ધનના મહત્વને સમજે.
- પશુપાલન વ્યવસાય અંગેની વિવિધ સહાયકારી યોજનાઓની સમજ

જે લોકો પશુપાલનના વ્યવસાયમાં જોડાવા ઈચ્છતા હોય અથવા પશુપાલનના વ્યવસાયમાં સંકળાયેલ હોય અને પશુઓના સારા સ્વાસ્થય તથા વૈજ્ઞાનિક ઢબે  ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન મેળવવા અંગેની જાણકારી મેળવવા ઈચ્છતાં હોય તેઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે નજીકના BMC સેન્ટર પર પોતાનું નામ નોંધાવી શકે છે.